www.prepp.in

Prepp
Your Personal Exams Guide

# વિભાગ - 1

1. Which one of the following words is a noun ?

(A) knew (B) known (C) knowledge (D) knowingly

2. ઉત્તરાખંડનું પાટનગર .....

(A) દહેરાદુન (B) હરિદ્વાર (C) ચમોલી (D) નૈનીતાલ

3. Which part of the sentence below is incorrect ?

A table's legs (1) Were broken (2) by my (3) angry brother (4)

(A) 2 (B) 3 (C) 4 (D) 1

4. If he ............... hard, he will Pass.

(A) working (B) works (C) worked (D) will work

5. ભારતની નૌસેનામાં સામેલ થયેલ પ્રથમ સ્વદેશી બનાવટનું યુદ્ધવાહક જહાજનું નામ શું છે ?

(A) વિક્રમાદિત્ય (B) વિરાટ (C) પૃથ્વી (D) વિક્રાંત

6. સોમનાથ મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કયા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિના હસ્તે કરવામાં આવી ?

(A) મહાત્મા ગાંધી (B) ડૉ. રાજેન્દ્ર પ્રસાદ (C) જ્ઞાની ઝૈલસિંઘ (D) ડૉ. રાધાકૃષ્ણન

7. બે અક્ષાંશવૃત્ત વચ્ચેનું અંતર આશરે કેટલા કિલોમીટરનું હોય છે ?

(A) 111 કિ.મી. (B) 180 કિ.મી. (C) 11 કિ.મી. (D) 4 કિ.મી.

8. ઘોંઘાટ એ .....

(A) નકારાત્મક સુદૃઢક છે. (B) પ્રાથમિક સુદૃઢક છે. (C) આવશ્યક સુદૃઢક છે. (D) હકારાત્મક સુદૃઢક છે.

9. વિશેષણનો પ્રકાર નથી.

(A) સંખ્યાવાચક (B) માપવાચક (C) સ્વવાચક (D) ગુણવાચક

10. નામ પરથી બનતા વિશેષણની સાચી જોડી નથી.

(A) કૃપા - કૃપાળુ (B) માર - મારકણું (C) દયા - દયાપણું (D) રસ - રસિક

11. "શિક્ષણ વિદ્યાર્થીને જીવનનું ઉત્તરદાયિત્વ અને વિશેષાધિકારોને નિભાવવા યોગ્ય બનાવે છે." - આ વિધાન કોણે કહ્યું છે ?

(A) હરબર્ટ (B) સ્વામી વિવેકાનંદ (C) બી. ડી. ભાટિયા (D) રાધાકૃષ્ણન્

12. ............... sun shines very brightly in summer.

(A) A (B) That (C) An (D) The

13. 'મળતા મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે' - આ કાવ્યના કવિ કોણ છે ?

(A) દલપતરામ (B) ખબરદાર (C) નર્મદ (D) ઉમાશંકર જોષી

14. રીઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની સ્થાપના કયા વર્ષે કરવામાં આવી ?

(A) 1 એપ્રિલ, 1948 (B) 1 એપ્રિલ, 1938 (C) 1 એપ્રિલ, 1935 (D) 1 એપ્રિલ, 1939

15. The number of the buses ............... increasing.

(A) are (B) has (C) have (D) is

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

16. કયું યુગ્મ યોગ્ય નથી ?

(A) મિથ્યાભિમાન - દલપતરામ
(B) કુસુમમાળા - નરસિંહરાવ
(C) પાટણની પ્રભુતા - કનૈયાલાલ મુનશી
(D) મળેલા જીવ - ઝવેરચંદ મેઘાણી

17. ભારતમાં એવું કયું રાજ્ય કે પ્રદેશ છે જ્યાં માતાના ગર્ભમાં રહેલા શિશુના શિક્ષણ તેમજ સંસ્કાર માટે તેમજ માતાઓની તે બાબતની સજ્જતા કેળવવા માટેની શિક્ષણ સંસ્થા શરૂ થયેલ છે ?

(A) આસામ
(B) મધ્યપ્રદેશ
(C) ગુજરાત
(D) ઝારખંડ

18. રમેશ ભાસ્કરનો ભાઈ છે, શ્રુતિ રમેશની બહેન છે, યજ્ઞેશ સ્મિતાનો ભાઈ છે અને સ્મિતા ભાસ્કરની પુત્રી છે. શોધી કાઢો કે યજ્ઞેશના કાકા કોણ છે ?

(A) શ્રુતિ
(B) રમેશ
(C) માહિતી અધૂરી છે.
(D) ભાસ્કર

19. વિદ્યાર્થીઓમાં સહકારની ભાવનાનો વિકાસ કરવા આપ શું કરશો ?

(A) સહકારની ભાવના દર્શાવતા ચિત્રો બતાવશો.
(B) રચનાત્મક કામ કરાવશો.
(C) સમૂહમાં કાર્ય કરાવશો.
(D) ઉપદેશ આપશો.

20. વર્ગખંડમાં પોતાના વિચારો પ્રસ્તુત કરતી વખતે શિક્ષક માટે એ ઉચિત રહેશે કે .....
(1) તે સ્વીકારે કે બીજો દૃષ્ટિકોણ પણ હોઈ શકે.
(2) તે સ્વીકારે કે વિદ્યાર્થીઓનો સમૂહ એક ટોળુ નથી.
(3) વિરોધી દૃષ્ટિકોણને પણ પોતાના વિચારોમાં સ્થાન આપે.

(A) માત્ર 3
(B) 2 અને 3
(C) 1, 2 અને 3
(D) 1 અને 3

21. ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા સ્થાપિત 'ચિલ્ડ્રન યુનિવર્સિટી'ના પ્રથમ ઉપકુલપતિ તરીકે કોની નિયુક્તિ થઈ હતી ?

(A) સી. વી. પટેલ
(B) ટી. વી. જોષી
(C) ડૉ. જોશીપુરા
(D) હર્ષદભાઈ શાહ

22. 'છોકરાં મેદાનમાં રમતાં હતાં' - એ વાક્યની રચના જણાવો.

(A) કર્મણિ પ્રયોગ
(B) ભાવે પ્રયોગ
(C) કૃદંત પ્રયોગ
(D) કર્તરિ પ્રયોગ

23. કમ્પ્યુટર ચાલુ થયા પછી તેને 'Refresh' કરવા માટે કી-બોર્ડ પર કઈ કી આવેલી છે ?

(A) F5
(B) F2
(C) F7
(D) F8

24. યથાર્થવાદી શિક્ષણના કેન્દ્રમાં કોણ છે ?

(A) વિદ્યાર્થી
(B) શિક્ષક અને વિદ્યાર્થી બંને
(C) શાળા
(D) શિક્ષક

25. 'જાગીને જુઓ તો જગત દીસે નહીં, બ્રહ્મ લટકા કરે બ્રહ્મ પાસે' - પ્રભાતિયાની આ રચના કોણે કરી ?

(A) ભાલણ
(B) રમેશ પારેખ
(C) નરસિંહ મહેતા
(D) હરીન્દ્ર દવે

26. સરસ્વતી નદીના તટે આવેલ સિદ્ધપુર તીર્થમાં કયા ઋષિનો આશ્રમ છે ?

(A) કણ્વ
(B) કપિલ
(C) કણાદ
(D) ભૃગુ

27. દલાઈ લામા એ શું છે ?

(A) હોદ્દો
(B) ઉપનામ
(C) બૌદ્ધ સાધુઓની અટક
(D) નામ

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

28. રાષ્ટ્રપતિ કોને નિયુક્ત કરતા નથી ?

(A) રાજ્યના ગવર્નર (B) હાઈકોર્ટના ન્યાયાધીશ (C) ઉપરાષ્ટ્રપતિ (D) મુખ્ય ન્યાયાધીશ

29. વર્ગખંડમાં શિસ્ત જાળવવાનો પ્રભાવી ઉપાય છે કે .....

(A) અશિસ્ત દાખવનાર વિદ્યાર્થીઓને વિશિષ્ટ સુવિધા આપી ખુશ કરવા.

(B) શિક્ષણકાર્ય રસપ્રદ હશે તો અશિસ્ત આપોઆપ રદ થઈ જશે.

(C) અશિસ્ત દાખવનાર વિદ્યાર્થીઓને વર્ગ બહાર મોકલી દેવા જોઈએ.

(D) અશિસ્ત દાખવનાર વિદ્યાર્થીઓના વાલીઓને જાણ કરવી.

30. અણુધડાકાથી પ્રખ્યાત પોખરણ કયા રાજ્યમાં આવેલું છે ?

(A) રાજસ્થાન (B) ઉત્તરાખંડ (C) ગુજરાત (D) ઉત્તર પ્રદેશ

31. 'પદ્ય શિક્ષણ' માટે કઈ પદ્ધતિને વધારે યોગ્ય ગણી છે ?

(A) રસાસ્વાદ પદ્ધતિ (B) તુલના પદ્ધતિ (C) વ્યાખ્યાન પદ્ધતિ (D) અર્થબોધ પદ્ધતિ

32. શિક્ષક વિદ્યાર્થીમાં સારા મૂલ્યોની સ્થાપના કરી શકે છે, કારણ કે .....

(A) વિદ્યાર્થી, શિક્ષકની આજ્ઞાનું પાલન કરે છે. (B) શિક્ષકનો ડર રહે છે.

(C) વિદ્યાર્થીને શિક્ષા થવાનો ડર રહે છે. (D) તેમની વાતથી વિદ્યાર્થીને પ્રેરણા મળે છે.

33. શિક્ષક સમાજમાં મહત્ત્વપૂર્ણ સ્થાન પ્રાપ્ત કરી શકે છે, જો તે .....

(A) સત્તાધારી રાજકીય પક્ષમાં સક્રિય સભ્યની ભૂમિકા ભજવે.

(B) પોતાની જવાબદારીનું ઈમાનદારીપૂર્વક વહન કરે.

(C) વિદ્વાન અને મૌલિક ચિંતક હોય.

(D) સામાજિક કાર્યોમાં સક્રિયતાથી ભાગ લે.

34. 'હોસ્ટેલમાં જમવાનો ટાઈમ થાય ત્યારે ઘંટ વગાડવામાં આવે.' - અહીં ઘંટ એ .....

(A) સહજ ઉદ્દીપક છે. (B) નૈસર્ગિક ઉદ્દીપક છે. (C) પ્રતિચાર છે. (D) અવેજીરૂપ ઉદ્દીપક છે.

35. નીચેનામાંથી ............... પદ દ્વન્દ્વ સમાસ નથી.

(A) ઊંચુનીચું (B) ખાધુંપીધું (C) ગળેપડું (D) સેવા પૂજા

36. ભારતમાં દિલ્હી ખાતે બીનવાણિજ્ય મોબાઈલ ફોન સેવા ક્યારે શરૂ થઈ ?

(A) 15 ઓગષ્ટ, 1990 (B) 26 જાન્યુઆરી, 1995 (C) 26 જાન્યુઆરી, 1990 (D) 15 ઓગષ્ટ, 1995

37. 6, 13, 28, 59, .......

(A) 122 (B) 120 (C) 125 (D) 119

38. વિમાન ચાલકની તાલીમ માટે નીચેના પૈકી કયો વિકલ્પ વધુ અનુકૂળ છે ?

(A) કારક અભિસંધાન (B) સિમ્યુલેશન (C) સ્વ-અધ્યયન (D) પ્રયત્ન અને ભૂલ દ્વારા

39. પ્રૌઢ શિક્ષણ / નિરંતર શિક્ષણ એ કેવા પ્રકારનું શિક્ષણ છે ?

(A) સંકુચિત (B) વ્યાપક (C) વિશિષ્ટ (D) અનૌપચારિક

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

40. Which spelling from below is right ?

(A) maintenance (B) maitanance (C) meintenence (D) meintananse

41. 'નારી'નો સમાનાર્થી શબ્દ જણાવો.

(A) વસુધા (B) ધરણી (C) સરિતા (D) વનિતા

42. વિક્રમશીલા વિદ્યાપીઠ ક્યાં આવેલી છે ?

(A) બિહાર (B) મધ્યપ્રદેશ (C) પશ્ચિમ બંગાળ (D) પાકિસ્તાન

43. નીચેનામાંથી કયું જોડકું ખોટું છે ?

(A) ભીખુ - ધૂમકેતુ (B) રાનમાં - ધ્રુવ ભટ્ટ

(C) પરીક્ષા - મનુબેન ગાંધી (D) બાનો વાડો - પ્રવીણ દરજી

44. Which one is synonym word of 'Drought'

(A) dryness (B) dirty (C) decent (D) dryfull

45. ટાંકણી વાગવાથી હાથ ખેંચી લેવાની ક્રિયા એ ...............

(A) રૂઢ અભિસંધાન છે. (B) પ્રતિક્ષિપ્ત ક્રિયા છે.

(C) કારક અભિસંધાન છે. (D) અનભિસંધિત પ્રતિચાર છે.

46. ભારતમાં તાર સેવા કઈ સાલમાં તેના મુખ્ય શહેરોમાં શરૂ થઈ ?

(A) 1920 (B) 2013 (C) 1853 (D) 1890

47. "વસંત આવતી નથી, વસંતને લાવવામાં આવે છે." - આ વાત શિક્ષણની સંસ્થાઓને પણ એટલી જ લાગુ પડે છે, આ વાત કોણે રજૂ કરેલ છે ?

(A) બારનેટ (B) એફ. એન. રોજર

(C) ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદી (D) એવરેસ્ટ રોજર્સ

48. ભારતીય સંગીતની ગંગોત્રી કોને કહે છે ?

(A) યજુર્વેદ (B) સામવેદ (C) અથર્વવેદ (D) ઋગ્વેદ

49. ગુજરાત રાજ્યની પ્રથમ સરકારને શપથ કયા મહાનુભાવે લેવડાવ્યા હતા ?

(A) રવિશંકર મહારાજ (B) ઈન્દુલાલ યાજ્ઞિક (C) જવાહરલાલ નહેરુ (D) મહેંદી નવાજ જંગ

50. Supply the correct pronoun.
Sachin and Radha have a house. ............... house is quite big.

(A) His (B) Her (C) Theirs (D) Their

51. ભારતમાં વિદેશી કાપડની હોળી સૌપ્રથમ કયા નેતાએ કરી ?

(A) સરદારસિંહ રાણા (B) ખુદીરામ બોઝ

(C) વિનાયક દામોદર સાવરકર (D) શંભુદાન દુગલો

52. ધાતુને કાટ લાગવાની ક્રિયામાં કયો વાયુ મહત્ત્વનો ભાગ ભજવે છે ?

(A) નાઈટ્રોજન (B) હાઈડ્રોજન (C) કાર્બન ડાયોક્સાઈડ (D) ઑક્સિજન

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

★ એક જિલ્લામાં કુલ 7200 શિક્ષણના કર્મચારીઓ છે. તેમના વર્તુળ-આલેખનો અભ્યાસ કરી નીચે આપેલ પ્રશ્નોના સાચા જવાબ આપો. (પ્રશ્ન નં. 53 થી 56)




53. વિદ્યાસહાયકો કેટલા ટકા છે ?

(A) 20 (B) 25 (C) 40 (D) 5

54. ઉચ્ચ પ્રાથમિક શિક્ષકોની સંખ્યા કેટલી છે ?

(A) 18 (B) 1440 (C) 3600 (D) 20

55. પ્રાથમિક શિક્ષકોની સંખ્યા માટે કેટલા અંશ માપ દર્શાવે છે ?

(A) 72° (B) 180° (C) 90° (D) 144°

56. સૌથી ઓછી સંખ્યા કયા કર્મચારીઓની છે ?

(A) આચાર્ય (B) વિદ્યા સહાયક (C) પ્રાથમિક શિક્ષકો (D) કેળવણી નિરીક્ષક

57. નીચેના રાષ્ટ્રપતિઓને તેમના કાર્યકાળ પ્રમાણે યોગ્ય ક્રમમાં ગોઠવો.
(1) ફકરુદીન અલી અહમદ (2) રાજેન્દ્ર પ્રસાદ (3) વી. વી. ગીરી (4) શંકર દયાલ શર્મા

(A) 4, 3, 2, 1 (B) 2, 3, 1, 4 (C) 4, 2, 3, 1 (D) 1, 2, 3, 4

58. નીચેનામાંથી કયું જોડકું સાચુ નથી ?

(A) સિદ્ધાંત શિરોમણી - ભાસ્કરાચાર્ય

(B) ગુરુત્વાકર્ષણનો નિયમ પ્રતિપાદિત કરનાર - મહર્ષિ કપિલ

(C) મહાન શલ્ય ચિકિત્સક - સુશ્રુત

(D) પ્રખર રસાયણશાસ્ત્રી - નાગાર્જુન

59. સાચી જોડણી શોધો.

(A) મસગુલ (B) મસગૂલ (C) મસ્ગુલ (D) મશગૂલ

60. નીચેની આકૃતિમાં વધુમાં વધુ કેટલા ત્રિકોણ છે ?



(A) 15 (B) 14 (C) 12 (D) 20

61. "સૂર્યાસ્તને જોઈને સુધબુધ ભૂલી જવું" એ કયા મુલ્યને અંતર્ગત આવે છે ?

(A) સાંસ્કૃતિક (B) સૌંદર્યાત્મક (C) આર્થિક (D) સામાજીક

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

62. Choose the correct order of words :

(A) Do live you where ?
(B) Where do you live ?
(C) Where you live do ?
(D) Do you live where ?

63. નીચેનામાંથી શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ શું છે ?

(A) વિદ્યાર્થીની ચિંતનશક્તિનો વિકાસ કરવો.
(B) વિદ્યાર્થીઓને નોંધ લખાવવી.
(C) વિદ્યાર્થીઓને સારા પરિણામ માટે તૈયાર કરવા.
(D) પાઠ્યપુસ્તક અનુસારની માહિતી આપવી.

64. નિરાકાર શબ્દની સંધિ છૂટી પાડતા કયો વિકલ્પ સાચો બને છે ?

(A) નિસ + આકાર
(B) નિત્ + આકાર
(C) નિઃ + સાકાર
(D) નિઃ + આકાર

65. રેડિયો તરંગો મોકલવા કયા સાધનનો ઉપયોગ થાય છે ?

(A) ટ્રાન્સમીટર
(B) સ્પેક્ટ્રોમીટર
(C) લેક્ટોમીટર
(D) એસિલોગ્રાફ

66. Would you like ............... jam on your bread.

(A) few
(B) a
(C) little
(D) some

67. કમ્પ્યૂટરની સ્મૃતિમાં એક બાઈટ = ...............

(A) 2 bit
(B) 8 દશાંશ અંક
(C) 2 દશાંશ અંક
(D) 8 bit

68. Which one is Passive Voice of 'I have called her'

(A) She here been called by me.
(B) She have been called by me.
(C) She has been called by me.
(D) She had been called by me.

69. 'આબરૂ' શબ્દનો સમાનાર્થી શબ્દ લખો.

(A) પદ
(B) પ્રતિષ્ઠા
(C) હોશિયાર
(D) અભિમાન

70. The word 'approve' is opposite in meaning to ...............

(A) reject
(B) accept
(C) return
(D) confirm

71. એક વ્યક્તિ પાસે 1 રૂ., 5 રૂા. અને 20 રૂ. ની કેટલીક નોટો છે. દરેક નોટોની સંખ્યા સરખી છે, તેની પાસે 260 રૂ. છે. તો વ્યક્તિ પાસે કુલ નોટોની સંખ્યા કેટલી છે ?

(A) 25
(B) 30
(C) 35
(D) 40

72. તત્વજ્ઞાનનો કયો વાદ પુસ્તકીયા શિક્ષણ સામે બળવારૂપે પ્રગટ થયો ?

(A) આદર્શવાદ
(B) અસ્તિત્વવાદ
(C) વાસ્તવવાદ
(D) પ્રકૃતિવાદ

73. કોણે કહ્યું છે કે 'શિક્ષણ એ મનુષ્યને આત્મવિશ્વાસુ અને નિઃસ્વાર્થી બનાવે તે છે.' ?

(A) ઋગ્વેદ
(B) બ્રાહ્મણગ્રંથો
(C) આરણ્યકો
(D) ઉપનિષદ્

74. નીચેના વાક્યમાંથી કયુ પદ 'નિપાત' છે તે જણાવો.
'પ્રકૃતિ જ મારી મા રહી છે.'

(A) જ
(B) રહી
(C) છે
(D) મા

75. સમગ્ર દેશભરમાં રાષ્ટ્રપ્રેમ, રાષ્ટ્રહિત, ચારિત્ર્યશીલતા, દેશપ્રેમના મૂલ્યો, વિવિધતામાં એકતા, સામાજીક સમરસતા વિગેરે જેવા પ્રમુખ ઉદ્દેશો સાથે શિક્ષણ સંસ્થાઓ (શાળા-કોલેજો)નું સંચાલન કરતું પ્રસિદ્ધ સંગઠન / સંસ્થા કઈ છે ?

(A) પ્રસારભારતી
(B) ભારત વિકાસ પરિષદ
(C) અઝીઝ પ્રેમજી ફાઉન્ડેશન
(D) વિદ્યાભારતી

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

## વિભાગ - 2

76. વસ્તુની કિંમત વધતાં વસ્તુની માંગમાં જે મંદી આવે તેને શું કહેવાય ?

(A) માંગનો વધારો (B) માંગનું સંકોચન (C) માંગમાં ઘટાડો (D) માંગનું પરિવર્તન

77. "જ્યાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહીં મળે ત્યાં સુધી પાઘડી નહીં પહેરૂ" આવી પ્રતિજ્ઞા કોણે લીધી હતી ?

(A) કવિ દલપતરામ (B) મહાકવિ પ્રેમાનંદ (C) દયાનંદ સરસ્વતી (D) નર્મદ

78. સરકારની "રાષ્ટ્રીય વન નીતિ" અનુસાર દેશના દરેક ગામોમાં અને શહેરોમાં વૃક્ષો ઉગાડવાની ઝુંબેશ શરૂ થઈ છે. તેનું નામ શું છે ?

(A) વૃક્ષો વાવો દેશ બચાવો યોજના (B) સામાજિક વનીકરણ યોજના

(C) વનબંધુ યોજના (D) એક વ્યક્તિ એક વૃક્ષ યોજના

79. પુરવઠારેખા પોતાના મૂળ સ્થાનેથી જમણી બાજુ તરફ ખસે તે શું સૂચવે છે ?

(A) પુરવઠાનો વધારો (B) પુરવઠાનું સંકોચન (C) પુરવઠાનો ઘટાડો (D) પુરવઠાનું વિસ્તરણ

80. આ નકશામાં પર્વત, મેદાન, નદીઓ દર્શાવાય છે . . .

(A) સામુદ્રિક નકશા (B) ભૂસ્તરીય નકશા (C) ભુપૃષ્ટના નકશા (D) જમીનના નકશા

81. મહંમદ ગઝની સોમનાથ મંદિર પર ચડી આવ્યો ત્યારે ગુજરાતમાં કયા રાજાનું શાસન હતું ?

(A) વનરાજ ચાવડા (B) ભીમદેવ સોલંકી (C) કુમારપાળ સોલંકી (D) મુળરાજ સોલંકી

82. ભૂકંપ થવાનું મુખ્ય કારણ કયું છે ?

(A) પર્વતીય વિસ્તારોમાં થતો હિમપ્રપાત (B) જ્વાળામુખીનું પ્રસ્ફોટન

(C) ભૂગર્ભમાં ચાલતી ભૂ-સંચલનની પ્રક્રિયા (D) ભૂગર્ભમાં કરાતા અણુધડાકાના પ્રયોગો

83. ભારતમાં સૌપ્રથમ કયા શહેરોમાં યુનિવર્સિટીઓ શરૂ થઈ ?

(A) મુંબઈ, દિલ્હી અને બેંગાલુરૂમાં (B) મુંબઈ, અમદાવાદ અને દિલ્હીમાં

(C) મુંબઈ, ચેન્નઈ અને કોલકત્તામાં (D) મુંબઈ, દિલ્હી અને કોલકત્તામાં

84. રાષ્ટ્રીય આવક શાનું કુલ મૂલ્ય દર્શાવતી વિભાવના છે ?

(A) રાષ્ટ્રીય પેદાશ (B) રાષ્ટ્રીય વેચાણ (C) રાષ્ટ્રીય ખરીદી (D) રાષ્ટ્રીય માંગ

85. જ્યારે વિનિમય થાય ત્યારે ખરીદનારા અને વેચનારા કઈ બાબત અંગે સંમત થાય છે ?

(A) વસ્તુની કિંમત (B) વસ્તુનો પુરવઠો (C) વસ્તુની ગુણવત્તા (D) વસ્તુની માંગ

86. ઈ.સ. 1857 નો સ્વાતંત્ર્ય સંગ્રામ નિષ્ફળ ગયો એ માટે નીચેનામાંથી કયું કારણ ખરૂ નથી ?

(A) હિન્દી સિપાઈઓમાં દેશદાઝની ભાવના ન હતી.

(B) સંગ્રામની શરૂઆત નિશ્ચિંત તારીખ કરતા વહેલી થઈ.

(C) સંગ્રામના નેતાઓમાં પ્રાદેશિક ભાવના હતી, પરંતુ રાષ્ટ્રીય ભાવના ન હતી.

(D) સંગ્રામમાં કેન્દ્રીય સંગઠનનો અભાવ હતો.

87. લગ્ન માટે બે મનગમતા પાત્રોમાંથી એકની જ પસંદગી કરવાની હોય ત્યારે કયા પ્રકારનો સંઘર્ષ કહેવાય ?

(A) અભિગમન - પરિહરણ (B) પરિહરણ - પરિહરણ

(C) બેવડો અભિગમન - પરિહરણ (D) અભિગમન - અભિગમન

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

88. કયા વર્ષના સમયગાળાને "મૂર્ત ક્રિયાત્મક" સમયગાળો (તબક્કો) કહે છે ?

(A) બાર વર્ષથી આગળ (B) સાતથી બાર વર્ષ (C) બે થી સાત વર્ષ (D) જન્મથી બે વર્ષ

89. કયા પ્રકારના આંદોલનો મોટે ભાગે રાજનૈતિક ઘટનાઓ સાથે સંબંધિત હોય છે ?

(A) ક્રાંતિકારી (B) સુધારાવાદી (C) પ્રતિરોધાત્મક (D) વિરોધાત્મક

90. ગુજરાતના કયા મહાન રાજવીને દત્તક લેવામાં આવ્યા હતા ?

(A) દામાજીરાવ ગાયકવાડ (B) ખંડેરાવ ગાયકવાડ

(C) પિલાજીરાવ ગાયકવાડ (D) સયાજીરાવ ગાયકવાડ

91. કયા સમાજમાં સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપના કાર્યોમાં વિશેષીકરણ થઈ રહ્યું છે ?

(A) આર્થિક પછાત સમુદાયમાં (B) ગ્રામીણ સમુદાયમાં

(C) આદિવાસી સમુદાયમાં (D) આધુનિક માનવસમાજમાં

92. કયા અખાતના ભાગને "નેશનલ મરીન પાર્ક" તરીકે જાહેર કરવામાં આવ્યો છે ?

(A) કચ્છનો અખાત (B) ખંભાતનો અખાત (C) બંગાળની ખાડી (D) મન્નારનો અખાત

93. ભારતીય બંધારણને સમજવાની ચાવી કોણ પુરી પાડે છે ?

(A) બંધારણનું આમુખ (B) બંધારણની કલમો અને પ્રકરણો

(C) બંધારણના ઘડવૈયા તથા કાનુની તજજ્ઞો (D) બંધારણના પરિશિષ્ટો

94. વસ્તુના વપરાશ સાથે સીમાંત તુષ્ટિગુણ

(A) ઘટતો જાય છે. (B) સમાન બને છે. (C) શૂન્ય થાય છે. (D) વધતો જાય છે.

95. પૃથ્વી ઉપર ઋતુઓ થાય છે, કારણ કે . . .

(A) સુર્ય પોતાની ધરી પર ફરે છે. (B) પૃથ્વી સુર્યની પ્રદક્ષિણા કરે છે.

(C) પૃથ્વી પોતાની ધરી પર ફરે છે. (D) સુર્ય પૃથ્વીની આસપાસ ફરે છે.

96. રાષ્ટ્રપતિની ચુંટણી કોણ કરે છે ?

(A) લોકસભા અને રાજ્યની વિધાનસભાના સભ્યો

(B) લોકસભા તથા રાજ્યસભાના સભ્યો

(C) લોકસભા, રાજ્યસભા તથા રાજ્યોની વિધાનસભાના સભ્યો

(D) પ્રધાનમંડળ તેમ જ વડાપ્રધાન

97. ગ્રામપંચાયતનું મૂળ એકમ કયું છે ?

(A) સામાજિક ન્યાય સમિતિ (B) કારોબારી સમિતિ

(C) ગામના નાગરિકો (D) ગ્રામસભા

98. સરકારની કુલ ખર્ચ અને કુલ આવક વચ્ચેનો તફાવત એટલે શું ?

(A) રાજકોષીય ખાધ (B) અંદાજપત્રીય ખાધ (C) કુલ ખાધ (D) મહેસુલી ખાધ

99. કાઝીરંગા (આસામ) "રાષ્ટ્રીય ઉદ્યાન" કયા પ્રાણીઓ માટે છે ?

(A) વાઘ, સફેદ હાથી, દીપડા (B) ગેંડા, જંગલી ભેંસ, હરણ

(C) હાથી, રીંછ, સુવર (D) સાબર, વાઘ, કાળિયાર

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

100. રાજ્યસભાના સભ્યો કોના દ્વારા ચુંટાય છે ?

(A) લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે તથા લોકસભાના સભ્યો દ્વારા

(B) લોકસભાના સભ્યો દ્વારા

(C) રાજ્યની વિધાનસભાના સભ્યો દ્વારા

(D) લોકો દ્વારા પ્રત્યક્ષ રીતે

101. પૃથ્વીના ગોળા ઉપર કઈ દિશામાં દોરેલી કાલ્પનિક રેખાઓને રેખાંશવૃત કહે છે ?

(A) ઉત્તર-પૂર્વ (B) પશ્ચિમ-પૂર્વ (C) પૂર્વ-દક્ષિણ (D) ઉત્તર-દક્ષિણ

102. સ્થિર ભાવે મેળવવામાં આવતી રાષ્ટ્રીય આવક એટલે શું ?

(A) ચાલુ રાષ્ટ્રીય આવક (B) કુલ રાષ્ટ્રીય આવક

(C) વાસ્તવિક રાષ્ટ્રીય આવક (D) સ્થિર રાષ્ટ્રીય આવક

103. ગુજરાતમાં "ન્યાય જોવો હોય તો મલાવ તળાવ જુઓ" આ કહેવત મુજબનું મલાવ તળાવ કયા શહેરમાં આવેલું છે ?

(A) ધોળકા (B) પાટણ (C) વિરમગામ (D) સિધ્ધપુર

104. ભૂકંપ કેન્દ્રથી પૃથ્વીની સપાટી પરના સૌથી નજીકના સ્થળ કે કેન્દ્રને શું કહે છે ?

(A) ભૂકંપ નિર્ગમન કેન્દ્ર (B) ભૂગર્ભ નિર્ગમન કેન્દ્ર

(C) ભૂસ્ખલન કેન્દ્ર (D) ભૂકંપ ઉદ્‌ગમ કેન્દ્ર

105. ભારતનો પ્રમાણ સમય કઈ રેખાંશ રેખા પરથી પસાર થાય છે ?

(A) 72.0° પૂર્વ રેખાંશ રેખા પરથી (B) 68.5° પૂર્વ રેખાંશ રેખા પરથી

(C) 88.5° પૂર્વ રેખાંશ રેખા પરથી (D) 82.5° પૂર્વ રેખાંશ રેખા પરથી

106. વિભાગ-1 ને વિભાગ-2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

| વિભાગ - 1 | વિભાગ - 2 |
|---|---|
| (1) રાજ્યના બંધારણીય વડા | (1) મુખ્યમંત્રી |
| (2) મંત્રીમંડળના વહીવટી વડા | (2) સ્પીકર (અધ્યક્ષ) |
| (3) વિધાનસભાનું સંચાલન કરનાર | (3) એમ.પી. |
| (4) ધારાસભ્ય | (4) રાજ્યપાલ |
| | (5) એમ.એલ.એ. |

(A) 1 - 3, 2 - 4, 3 - 1, 4 -5 (B) 1 - 4, 2 - 1, 3 - 2, 4 - 5

(C) 1 - 2, 2 - 3, 3 - 4, 4 - 1 (D) 1 - 1, 2 - 4, 3 - 5, 4 - 2

107. પ્રસિધ્ધ મહાકાવ્ય "પૃથ્વીરાજરાસો" કોણે રચ્યું છે ?

(A) કવિ જયદેવે (B) ચંદ બરદાઈએ (C) અમીર ખુસરોએ (D) સોમદેવે

108. કઈ વિદ્યાપીઠ જૈન ધર્મના શૈક્ષણિક પ્રસારનું પ્રચલિત વિદ્યાધામ હતું ?

(A) નાલંદા (B) વલભી (C) કાશી (D) વિક્રમશીલા

109. ઉપનિષદોની આધ્યાત્મિક વિચારધારાથી પ્રભાવિત થઈને કોણે તેના ફારસી અનુવાદ કરાવ્યા હતા ?

(A) અકબરે (B) દારા શિકોહે (C) શંકરાચાર્યે (D) મેક્સમૂલરે

www.prepp.in

Prepp
Your Personal Exams Guide

110. કયા સત્યાગ્રહથી વલ્લભભાઈ પટેલ ગાંધીજી સાથે જોડાયા ?

(A) બારડોલી સત્યાગ્રહ (B) ખેડા સત્યાગ્રહ (C) ચંપારણ સત્યાગ્રહ (D) બોરસદ સત્યાગ્રહ

111. નીચેનામાંથી કયા વિષયનો રાજ્યયાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે ?

(A) લગ્ન અને છુટાછેડા (B) તારટપાલ

(C) સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ (D) રોજગારી

112. ઉત્પાદકને ઉત્પાદનની જે સપાટીએ મહત્તમ નફો મળે તે સ્થિતિને શું કહે છે ?

(A) ગ્રાહકની સમતુલા (B) ઉત્પાદકની સમતુલા

(C) ઉપભોક્તાની સમતુલા (D) સમતુલા

113. કયા લગ્નપ્રકારમાં પુરૂષને એક સાથે એકથી વધુ પત્નીઓ હોય છે ?

(A) ભ્રાતૃક બહુપતિત્વ (B) બહુપત્નીત્વ (C) અભ્રાતૃક બહુપતિત્વ (D) બહુપતિત્વ

114. વિભાગ-1 ને વિભાગ-2 સાથે યોગ્ય રીતે જોડી સાચો વિકલ્પ પસંદ કરી જવાબ આપો.

| વિભાગ - 1 | વિભાગ - 2 |
|---|---|
| (1) કનોજનો મહાપ્રતાપી રાજા | (1) નાલંદા વિદ્યાપીઠ |
| (2) વાતાપીનો મહાપ્રતાપી રાજા | (2) મહાકવિ બાણભટ્ટ |
| (3) આચાર્ય શીલભદ્ર | (3) પુલકેશી બીજો |
| (4) હર્ષચરિતના રચયિતા | (4) હર્ષવર્ધન |
| | (5) ધારાપુરીની ગુફાઓ |

(A) 1 - 4, 2 - 3, 3 - 1, 4 - 2 (B) 1 - 5, 2 - 3, 3 - 5, 4 - 4

(C) 1 - 3, 2 - 5, 3 - 4, 4 - 3 (D) 1 - 3, 2 - 4, 3 - 5, 4 - 1

115. ચક્રવાત જાપાનમાં કયા નામે ઓળખાય છે ?

(A) વિલી-વિલી (B) હરિકેન (C) ટાઈફૂન (D) ટોર્નેડો

116. દાંડીકુચ દરમિયાન પોતાની ધરપકડ થાય તો દાંડીકુચનું નેતૃત્વ કરવા ગાંધીજીએ કોની પસંદગી કરી હતી ?

(A) દાદાભાઈ નવરોજી (B) જવાહરલાલ નહેરૂ (C) અબ્બાસ તૈયબજી (D) સરદાર પટેલ

117. ઠંડા યુધ્ધના સમયગાળા દરમિયાન મોટાભાગના વિકાસશીલ દેશોએ કઈ નીતિ અપનાવી ?

(A) સંસ્થાનવાદની (B) રંગભેદ નાબુદીની

(C) બિનજોડાણવાદની (D) લશ્કરી જુથોમાં જોડાવાની

118. મોબાઈલ કે કમ્પ્યૂટર ચલાવવાનું કે વાપરવાનું શીખવા માટેનો સિધ્ધાંત જણાવો.

(A) સમકાલીન અભિસંધાન (B) પ્રશિષ્ટ અભિસંધાન

(C) સાધનરૂપ અભિસંધાન (D) ઉદ્દીપકલક્ષી અભિસંધાન

119. સિંધુ ખીણની સંસ્કૃતિ પછીના કાળ દરમિયાન ભારતમાં કઈ સંસ્કૃતિ વિકસી હતી ?

(A) અનુવેદકાલીન સંસ્કૃતિ (B) વૈદિક સંસ્કૃતિ

(C) હડપ્પીય સંસ્કૃતિ (D) વેદકાલીન સંસ્કૃતિ

www.prepp.in

120. બંધારણસભાએ ભારતનું બંધારણ ક્યારે પસાર કર્યું ?

(A) 15 ઓગસ્ટ, 1947ના દિવસે
(B) 26 નવેમ્બર, 1949ના દિવસે
(C) 9 નવેમ્બર, 1949ના દિવસે
(D) 26 જાન્યુઆરી, 1950ના દિવસે

121. કયા પ્રકારના અંદાજપત્રમાં સરકારી ખર્ચાને મહેસુલી આવક વડે સરભર કરવામાં આવે છે ?

(A) પુરાંતવાળા (B) સમતોલ (C) મહેસુલી (D) ખાધવાળા

122. કિંમતનિર્ધારણમાં ટુંકા ગાળામાં કયું પરિબળ મહત્ત્વનું અને નિર્ણાયક બને છે ?

(A) કિંમત (B) પુરવઠો (C) માંગ અને પુરવઠો (D) માંગ

123. ભારત દેશની પ્રમાણ સમય રેખા કયા શહેર પરથી પસાર થાય છે ?

(A) ઔરંગાબાદ (B) અલાહાબાદ (C) કટક (D) કલકત્તા

124. ભારતની પ્રથમ નહેરયોજના કઈ છે ?

(A) તુંગભદ્રા પરિયોજના
(B) પૂર્વી યમુના નહેર પરિયોજના
(C) રામગંગા નહેર પરિયોજના
(D) ભાખરાનાંગલ યોજના

125. નેશનલ ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશનનું વડું મથક ક્યાં આવેલું છે ?

(A) હિંમતનગર (B) મહેસાણા (C) આણંદ (D) અમદાવાદ

126. ધ્રુવપ્રદેશો પર તાપમાન ખુબ નીચું રહે છે, કારણ કે. . .

(A) અહીં માનવવસ્તી ખુબ ઓછી છે.
(B) અહીં જંગલોનું પ્રમાણ વધારે છે.
(C) અહીં સુર્યના કિરણો વધુ લંબદિશામાં પડે છે.
(D) અહીં સુર્યના કિરણો વધુ ત્રાંસા પડે છે.

127. ગુજરાત માટે "ગુર્જર દેશ" એ શબ્દપ્રયોગ કયા શાસકના સમયમાં શરૂ થયેલો ?

(A) મૂળરાજ સોલંકી (B) કુમારપાળ સોલંકી (C) ભીમદેવ પહેલો (D) સિધ્ધરાજ જયસિંહ

128. નીચેનામાંથી કયો ક્રમ માત્ર પ્રાદેશિક પક્ષોનો છે ?

(A) માર્ક્સવાદી પક્ષ - બહુજન સમાજવાદી પક્ષ - દ્રવિડ મુનેત્ર કઝગમ - શિવસેના
(B) ભારતીય જનતા પક્ષ - ભારતીય સામ્યવાદી પક્ષ - નેશનલ કોન્ફરન્સ - સમાજવાદી પક્ષ
(C) અકાલી દળ - તેલુગુ દેશમ્ - રાષ્ટ્રીય જનતા દળ - અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમ
(D) શિવસેના - કોંગ્રેસ - અસમ ગણ પરિષદ - સામ્યવાદી પક્ષ

129. ગુજરાતનું કયું શહેર "મક્કાનું પ્રવેશદ્વાર" ગણાતું હતું ?

(A) કાવી (B) ઘોઘા (C) સુરત (D) ખંભાત

130. રાજપૂતાનાના ગુર્જરોની રાજધાની કઈ હતી ?

(A) અણહિલપુર પાટણ
(B) ધારા નગરી
(C) ભિનમાલ (ભિલ્લમાલ)
(D) અજયમેરૂ (અજમેર)

131. એક મંદિર છે, જેનો આકાર રથ જેવો છે, જેને બાર વિશાળ પૈડાં છે, અને જેને સાત ઘોડા ખેંચી રહ્યા છે તે મંદિર એટલે...

(A) મોઢેરાનું સુર્યમંદિર
(B) કોણાર્કનું સુર્યમંદિર
(C) મદુરાઈનું મિનાક્ષી મંદિર
(D) કૈલાસનાથનું મંદિર

Prepp
Your Personal Exams Guide

132. શરૂઆતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના વેપારી અધિકારીઓનું મુખ્ય કાર્ય કયું હતું ?

(A) શિક્ષણ સંસ્થાઓની સ્થાપના તથા રેલ્વેમાર્ગો બનાવવાનું

(B) મહેસુલ ઉઘરાવવાનું

(C) વધુમાં વધુ વેપારના પરવાના આપી વેપાર વધારવાનું

(D) પ્રજાકીય કામો કરવાનું

133. એક શહેરના રિક્ષાવાળાઓએ પોતાની કેટલીક માગણીઓ માટે એકત્ર થઈ પોતાનું એક યુનિયન સ્થાપ્યું. આમાં કયો મૂળભૂત હક્ક સમાયેલો છે ?

(A) યુનિયનવાદનો હક્ક (B) સમાનતાનો હક્ક

(C) બંધારણીય ઈલાજોનો હક્ક (D) સ્વતંત્રતાનો હક્ક

134. એશિયા, આફ્રિકા અને લેટીન અમેરિકા (દક્ષિણ અમેરિકા)ના દેશોને કયા દેશો તરીકે ઓળખવામાં આવે છે ?

(A) ત્રીજા વિશ્વના દેશો (B) બીજા વિશ્વના દેશો (C) ચોથા વિશ્વના દેશો (D) પહેલા વિશ્વના દેશો

135. ભારતની કઈ શોધના કારણે વિશ્વના ગણિતશાસ્ત્રમાં ક્રાંતિકારી ફેરફારો થયા ?

(A) અપૂર્ણાંક અને પૂર્ણાંકના ગુણાકારની (B) શુન્ય અને દશાંશ પધ્ધતિની

(C) વર્ગ અને વર્ગમૂળની (D) બાદબાકીના ચિહ્નની

136. કોના રાજ્યાભિષેક સમયે પોર્ટુગીઝ ગવર્નર આલ્બુકર્કે હાજરી આપી હતી ?

(A) કૃષ્ણદેવરાય (B) બુક્કારાય પ્રથમ (C) અચ્યુતરાય (D) હરિહર પ્રથમ

137. કયા કારણે ખેત-ઉત્પાદનના ક્ષેત્રમાં ઝડપી વધારો થયો છે ?

(A) જમીન ટોચમર્યાદા ધારો (B) હરિયાળી ક્રાંતિ

(C) જમીનનું એકત્રીકરણ (D) ગણોતધારો

138. ભારતીય ભાસ્કરાચાર્યે પૃથ્વીની કઈ બાબતની સમજ આપી હતી ?

(A) આકાર અને આકૃતિ (B) વાર્ષિક ગતિ (C) દૈનિક ગતિ (D) ગુરૂત્વાકર્ષણ

139. ભારત તરફની હિમાલયની પર્વતમાળા કયા નામે ઓળખાય છે ?

(A) મહા હિમાલય (B) મધ્ય હિમાલય (C) શિવાલિકની ટેકરીઓ (D) લઘુ હિમાલય

140. નીચે આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ પંચશીલનો સિધ્ધાંત નથી ?

(A) બાહ્ય આક્રમણ સમયે એકબીજાને લશ્કરી મદદ કરવી

(B) એકબીજાના દેશની આંતરિક બાબતોમાં દખલગીરી ન કરવી

(C) અરસપરસના લાભ થાય તે રીતે અને બીજા રાષ્ટ્ર પ્રત્યે સમાનતાના ધોરણે વ્યવહાર કરવો.

(D) એકબીજા દેશ ઉપર આક્રમણ ન કરવું.

141. દિલ્હીની ગાદી ઉપર મુઘલ સામ્રાજ્યની સ્થાપના કોણે કરી ?

(A) અકબરે (B) હુમાયુએ (C) જહાંગીરે (D) બાબરે

142. એક સમયે જ્યાં વહાણો બાંધવાનો વ્યવસાય ધમધમતો તે કચ્છના બંદરનું નામ જણાવો.

(A) માંડવી (B) કંડલા (C) ગાંધીધામ (D) જખૌ

www.prepp.in

143. ઈ.સ. 2009, ડીસેમ્બરમાં પર્યાવરણને બચાવવા વિશ્વના દેશોની બેઠક કયા શહેરમાં મળી હતી ?
(A) ઓસ્ટ્રેલિયાના સિડની શહેરમાં
(B) ડેન્માર્કના પાટનગર કોપનહેગનમાં
(C) ઇટલીના પાટનગર રોમમાં
(D) જાપાનના ટોકિયો શહેરમાં

144. કાર્લ માર્કસના મૂડી અંગેના વિચારો તેમના કયા પુસ્તકમાં રજુ થયા છે ?
(A) કલ્ચર એન્ડ સોસાયટી
(B) દાસ કેપિટલ
(C) ધ ડિવીઝન ઓફ લેબર ઈન સોસાયટી
(D) સામ્યવાદી જાહેરનામું

145. કોઈપણ જૂથમાં વ્યક્તિના વર્તન નક્કી કરતા નિયમોને શું કહેવામાં આવે છે ?
(A) સામાજિક દરજ્જો
(B) સામાજિક ભૂમિકા
(C) સામાજિક ધોરણો
(D) સામાજિક વર્ગો

146. સામાજિક સર્વેક્ષણનું પ્રથમ સોપાન કયું છે ?
(A) સર્વેક્ષણ
(B) વિષયપસંદગી
(C) માહિતીનું વર્ગીકરણ
(D) સંશોધન સાહિત્યની સમીક્ષા

147. ભારતને કલ્યાણ રાજ્ય બનાવવા બંધારણમાં શી જોગવાઈ છે ?
(A) મૂળભૂત ફરજોની
(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતોની
(C) લોકશાહી શાસનપ્રથાની
(D) મૂળભૂત અધિકારોની

148. વાતાવરણનો કયો વાયુ સુર્યના પારજાંબલી કિરણોને અવરોધીને પૃથ્વી પર પહોંચતા રોકે છે ?
(A) ઓક્સિજન
(B) ઓઝોન
(C) કાર્બન ડાયોક્સાઈડ
(D) નાઈટ્રોજન

149. માંગની અનુસૂચિના બધા જ પદો કેવા હોય છે ?
(A) એકબીજાના સહાયક
(B) એકબીજાનાં વૈકલ્પિક
(C) એકબીજાના પૂરક
(D) પરસ્પર વિરોધી

150. રાજ્યની કામગીરી માટે નીતિ-ઘડતરનું કામ (કાર્ય) કોણ કરે છે ?
(A) ન્યાયતંત્ર
(B) મંત્રીમંડળ
(C) વિધાનસભા
(D) મુખ્યમંત્રી

• • •